# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણના

**શારીરિક શિક્ષણ તથા યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ**

અને

# સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના

**સંયુક્ત ઉપક્રમે આયોજિત યુનિવર્સિટી કક્ષાની એક-દિવસીય**

# ડિજીટલ ઇન્ડિયા તાલીમ શિબિર

## (DIGITAL INDIA TRAINING CAMP)

તા.૧૮/૧૨/૨૦૨૩, સોમવાર

## અહેવાલ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના **શારીરિક શિક્ષણ તથા યુવા સાંસ્કૃતિક** પ્રવૃતિઓ વિભાગ **અને સરકારી વાણિજ્ય** કૉલેજ **વડાલીના સંયુક્ત ઉપક્રમે આયોજિત** યુનિવર્સિટી કક્ષાની **'એક-દિવસીય ડિજીટલ ઇન્ડિયા તાલીમ શિબિર'** તારીખ : **૧૮/૧૨/૨૦૨૩ સોમવાર**ના રોજ સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલી જિ : સાબરકાંઠા ખાતે યોજાઈ. **પ્રસ્તુત શિબિરમાં** હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ સંલગ્ન** કુલ **પાંચ (૦૫)** જિલ્લાઓની કૉલેજો **પૈકી** કુલ **એકત્રીસ (૩૧)** વિવિધ કોલેજોમાંથી કુલ **એકાવન (૫૧)** વિદ્યાર્થીઓ, તથા યજમાન કૉલેજ સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના કુલ **ઓગણીસ (૧૯)** એન.એસ.એસ. સ્વયંસેવક વિદ્યાર્થીઓ, સહિત કુલ **૭૦** શિબિરાર્થીઓએ પ્રસ્તુત **શિબિરમાં ભાગ લીધો** હતો.

**પ્રસ્તુત યુનિવર્સિટી કક્ષાની 'એક-દિવસીય ડિજીટલ ઇન્ડિયા તાલીમ શિબિર'** માં કુલ **ત્રણ (૦૩) બૌદ્ધિક સેશન્સ આયોજિત** કરવામાં આવ્યા હતા. જેમાં કુલ **ચાર (૦૪) જુદા-જુદા** વક્તાઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# રજીસ્ટ્રેશન

તારીખ :૧૮/૧૨/૨૦૨૩ ને સોમવારના રોજ યુનિવર્સિટી કક્ષાની **'એક-દિવસીય ડિજીટલ ઇન્ડિયા તાલીમ શિબિર'** નો શુભારંભ રજીસ્ટ્રેશન પ્રક્રિયાથી શરુ થયો હતો. સવારના ૮:૦૦ કલાકથી જ કૉલેજ પ્રાંગણમાં રજીસ્ટ્રેશન કામગીરીનો પ્રારંભ થઇ ગયો હતો. વિવિધ કોલેજોમાંથી આવેલા તમામ શિબિરાર્થીઓને રજીસ્ટ્રેશન વખતે સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલી તરફથી એક ફોલ્ડર ફાઈલ, નોટપેડ તથા બોલપેન આપવામાં આવી હતી. સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીની બી.કોમ. સેમેસ્ટર-૧માં અભ્યાસ કરતી એન.એસ.એસ. સ્વયંસેવક વિદ્યાર્થીનિઓ આરતી દેવેન્દ્રકુમાર વૈષ્ણવ, હેતલ વિનોદસિંહ સિકરવાર, યશ્વી બાલકૃષ્ણ સોની તથા ક્રિષા મદનસિંહ દેવડાએ રજીસ્ટ્રેશન પ્રક્રિયા હાથ ધરી હતી. પ્રસ્તુત શિબિરમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સંલગ્ન કુલ પાંચ (૦૫) જિલ્લાઓની કૉલેજો પૈકી કુલ એકત્રીસ (૩૧) વિવિધ કોલેજોમાંથી કુલ એકાવન (૫૧) વિદ્યાર્થીઓ, તથા  યજમાન કૉલેજ સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના કુલ ૧૯ એન.એસ.એસ. સ્વયંસેવક વિદ્યાર્થીઓ, સહિત કુલ ૭૦ શિબિરાર્થીઓનું રજીસ્ટ્રેશન થયું હતું. શિબિરમાં ભાગ લેનાર શિબિરાર્થીઓના રજીસ્ટ્રેશનની સાથે-સાથે નાસ્તા અને ભોજનના પાસ આપવાની કામગીરી પણ સુચારુરૂપે પરિપૂર્ણ કરવામાં આવી હતી.









# ઉદઘાટન સમારોહ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના શારીરિક શિક્ષણ તથા યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અને સરકારી વાણિજ્ય કૉલેજ વડાલીના સંયુક્ત ઉપક્રમે આયોજિત યુનિવર્સિટી કક્ષાની **'એક-દિવસીય ડિજીટલ ઇન્ડિયા તાલીમ શિબિર'**ના ઉદઘાટન સમારોહનો સવારે ૧૦:૩૦ કલાકે શુભારંભ થયો. ઉદઘાટન સમારોહમાં સમારંભના અધ્યક્ષ પદે વડાલી કેળવણી મંડળના પ્રમુખ **શ્રી તખતસિંહ હડીયોલ સાહેબ** ઉપસ્થિત રહ્યાં હતા. જ્યારે મુખ્ય મહેમાન પદે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના લૉ ફેકલ્ટીના ડીનશ્રી તથા E.C. Member અને લૉ કૉલેજ, મોડાસાના આચાર્યશ્રી **ડૉ. અશોક શ્રોફ સાહેબ** ઉપસ્થિત રહ્યાં હતા. અતિથિવિશેષનું પદ લૉ કૉલેજ, મોડાસાના ભૂતપૂર્વ આચાર્યશ્રી **રોહિતભાઈ વોરા સાહેબે** શોભાવ્યું હતું. ઉદઘાટન સમારોહની શરૂઆત દીપ પ્રાગટ્ય દ્વારા થઇ હતી. સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીની એન.એસ.એસ. સ્વયંસેવક વિદ્યાર્થીનિઓ રિયા પંડિત, જૈનીશા રાવળ, પ્રીતિ પ્રજાપતિ, યશ્વી પંચાલ અને મુસ્કાન સોની દ્વારા સુંદર શ્લોક **'ઓમ તત્સતશ્રી નારાયણ તું'** તથા સુંદર ભજન **"ગુરૂજીના નામની માળા છે હાથમાં"** પ્રસ્તુતિ થઇ હતી. એન.એસ.એસ. સ્વયંસેવક મિહિર જોશીએ સુંદર ગિટાર વાદન કરી પ્રાર્થનાને અત્યંત સુંદર બનાવી હતી. પ્રાર્થના બાદ યુનિવર્સિટી ગીત **"અમે ઉત્તર ગુર્જરવાસી"** અને એન.એસ.એસ. લક્ષ્ય ગીત **"ઊઠે સમાજ કે લિએ"** ને સૌને માન આપ્યું હતું. આ બંને સુંદર ગીતોની પ્રસ્તુતિ દ્વારા યુનિવર્સિટી કક્ષાની શિબિરની શોભામાં અભિવૃદ્ધિ કરવામાં આવી હતી. સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર દ્વારા આમંત્રિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. તમામ મહાનુભાવોનું ભારતીય પરંપરા અનુસાર પુષ્પગુચ્છ, પુસ્તક, ભેટ અર્પણ કરીને તથા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર દ્વારા વડાલી કેળવણી મંડળના પ્રમુખ શ્રી તખતસિંહ હડીયોલ સાહેબનું પુષ્પગુચ્છ તથા પુસ્તક અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું જ્યારે સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના સૌથી વરિષ્ઠ પ્રાધ્યાપક શ્રી એન.એમ. ટંડેલ સાહેબ દ્વારા શ્રી તખતસિંહ હડીયોલ સાહેબનું શાલ ઓઢાઢીને તથા ભેટ અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના લૉ ફેકલ્ટીના ડીનશ્રી તથા E.C. Member અને લૉ કૉલેજ, મોડાસાના આચાર્યશ્રી ડૉ. અશોક શ્રોફ સાહેબનું શિબિર સંયોજક તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. શૈલેષ એસ. બારીઆ તથા શિબિર સહ-સંયોજક ડૉ. પરેશ એસ. ખેતલ દ્વારા પુષ્પગુચ્છ, પુસ્તક અર્પણ કરીને તેમજ શાલ ઓઢાઢીને તથા ભેટ અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. દ્વિતીય શિબિર સહ-સંયોજક પ્રાધ્યાપક ડૉ. ગુરુપ્રકાશ ઝેડ. સિંધ દ્વારા

અતિથિવિશેષશ્રી. ડૉ. રોહિતભાઈ વોરા સાહેબનું પુષ્પગુચ્છ, પુસ્તક શાલ ઓઢાઢીને તથા ભેટ અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

કૉલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર અને યુવા નેતૃત્વ તાલીમ શિબિરના સંયોજક **પ્રા. શૈલેષ એસ. બારીઆ** દ્વારા **'એક-દિવસીય ડિજીટલ ઇન્ડિયા તાલીમ શિબિર'**ની વિગતવાર રૂપરેખા સૌની સમક્ષ પ્રસ્તુત કરવામાં આવી હતી. જેમાં તેઓએ શિબિર દરમિયાન આવનાર વક્તાઓ અને વિષયો અંગેની માહિતી આપી હતી.

માનવંતા મહાનુભાવોની ઉપસ્થિતિમાં ગતવર્ષે તેમજ આ વર્ષે કેટલાંક વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન પણ કરવામાં આવ્યું હતું. ગત વર્ષે બી.કોમ. સેમેસ્ટર-૬ માં પોતાનો અભ્યાસ શ્રેષ્ઠ રીતે પૂર્ણ કરેલ યજમાન કૉલેજના વિદ્યાર્થી **શ્રી કુલદીપ શાંતિલાલ જોશી**; જેમણે બે વર્ષ સુધી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના **'વિદ્યાર્થી કલ્યાણ સમિતિના સભ્ય'** તરીકે શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ શ્રી તખતસિંહ હડિયોલ સાહેબના વરદ હસ્તે પ્રમાણપત્ર અને ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

મંચસ્થ મહાનુભાવોએ સમારંભમાં ઉપસ્થિત સૌને પોતાના આશીર્વચનો પાઠવ્યા હતા તથા શિબિરની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. અતિથિવિશેષશ્રી. ડૉ. રોહિતભાઈ વોરા સાહેબે ડિજીટલ ટેકનોલોજી સાથે મૂલ્યોના જતન અને સંવર્ધનની વિચારધારા વ્યક્ત કરી હતી. મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેનાર હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના લૉ ફેકલ્ટીના ડીનશ્રી તથા E.C. Member અને લૉ કૉલેજ, મોડાસાના આચાર્યશ્રી ડૉ. અશોક શ્રોફ સાહેબે વિવિધ શિબિરો વિદ્યાર્થીઓના હિતમાં કેવી રીતે હોય શકે તે અંગેના વિચાર વ્યક્ત કર્યા હતા. ઉદ્ઘાટન સમારંભના અધ્યક્ષ શ્રી તખતસિંહ હડિયોલ સાહેબ દ્વારા વિવિધ ક્ષેત્રોમાં ડિજિટલાઇજેશન અને તેનો સદુપયોગ અને પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તમામ મંચસ્થ મહાનુભાવોએ **'એક-દિવસીય ડિજીટલ ઇન્ડિયા તાલીમ શિબિર'**માં વિશેષ રસ લઇ ભાગ લેવા બદલ તમામ ૭૦ શિબિરાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

સમગ્ર કાર્યક્રમની આભારવિધિ પ્રા. ડૉ. પરેશ એસ. ખેતલ દ્વારા કરવામાં આવી હતી. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન યજમાન કૉલેજની બી.કૉમ. સેમેસ્ટર-૪માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની અને એન.એસ.એસ. સ્વયંસેવક દિવ્યા દિનેશભાઈ દરજી તથા બી.કૉમ. સેમેસ્ટર-૪માં અભ્યાસ કરતા વિદ્યાર્થી અને એન.એસ.એસ. સ્વયંસેવક આકાશકુમાર રાજુભાઈ પંચાલ તથા શિબિર સંચાલક અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. શૈલેષકુમાર એસ. બારીઆ દ્વારા કરવામાં આવ્યું હતું. ઉદઘાટન સમારંભ રાષ્ટ્રગાન દ્વારા સફળતાપૂર્વક પરિપૂર્ણ થયો હતો.










હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત
શારીરિક શિક્ષણ તથા
ડિજીટલ ઈન્ડિયા

# ગ્રુપ ફોટો સેશન

ઉદઘાટન  સમારોહ બાદ ઉદઘાટન સમારંભમાં ઉપસ્થિત મહાનુભાવો, કૉલેજના પ્રાધ્યાપકો, યજમાન કૉલેજના એન.એસ.એસ. સ્વયંસેવકો તથા શિબિરાર્થીઓ સાથે એક ગ્રુપ ફોટો સેશનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સૌ મહાનુભાવો સાથે શિબિરાર્થીઓ ઉપસ્થિત હોવાની એ સુમધુર ક્ષણને કેમેરામાં કંડારી લેવામાં આવી હતી.



# ભોજન સમારંભ

ઉદઘાટન સમારંભ બાદ શિબિર ઉદઘાટનના ઉપસ્થિત મહેમાનો સાથે સૌએ સુરુચિ ભોજન લીધું હતું. મહાનુભાવો માટે કૉલેજ કેમ્પસના પ્રાંગણમાં વનભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. શિબિરાર્થી વિદ્યાર્થીઓ માટે કૉલેજ હોસ્ટેલમાં સુરુચિ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.





# બૌદ્ધિક સેશન

## સેશન-૧

## તજજ્ઞ : ડૉ. અશોક શ્રોફ

**(ડીનશ્રી તથા E.C. Member હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ, લૉ ફેકલ્ટીના તથા આચાર્યશ્રી લૉ કૉલેજ, મોડાસા)**

### વિષય : ડિજીટલ ક્રાઈમ અને કાયદાઓ

સવારે ઉદઘાટન સમારોહ પૂર્ણ થયા બાદ સવારે ૧૧:૩૦ કલાકે **પ્રથમ સેશનનો** વિધિવત્ પ્રારંભ થયો હતો. **હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ**ના લૉ ફેકલ્ટીના **ડીનશ્રી તથા** E.C. Member અને લૉ કૉલેજ, **મોડાસાના આચાર્યશ્રી** ડૉ. અશોક શ્રોફ સાહેબે "**ડિજીટલ ક્રાઈમ અને કાયદાઓ**" એ વિષય પર વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના ડિજીટલ ક્રાઈમ અને તે સંબધિત કાયદાઓની સમજ આપી હતી. તેમણે શિબિરાર્થીઓને ઓફલાઈન સ્કેમ્સ, **આઇડેન્ટિટી થેફ્ટ**, સાયબર સ્ટોલકિંગ, **સોશિયલ એન્જીનીયરીંગ**,ફ્લડ એટેક્સ, **પોટેન્સીઅલી અનવોન્ટેડ પ્રોગ્રામ્સ**, એક્સ્પ્લોઈટ કીટ્સ, **ફિશિંગ એટેક્સ**, ઈલીગલ કન્ટેન્ટ જેવા સાયબર ક્રાઈમના પ્રકાર **સમજાવ્યા હતા**. સાથે-**સાથે સાયબર** ક્રાઈમ માટે લાગુ પડતાં કાયદાઓ જેવા કે, સાયબર સિક્યુરીટી લોઝ એન્ડ રેગ્યુલેશન ઇન્ડિયા-૨૦૨૪, આઈ.ટી. **એક્ટ વગેરે અંગેની પણ માહિતી આપી હતી**.








ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
તથા યુવા સાંસ્કૃતિક
અને
કોલેજ,
કક્ષાની એક
તાલીમ શિબિર

સેશનના અંતે સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર દ્વારા ડૉ. અશોક શ્રોફ સાહેબનું પ્રમાણપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. સેશનની આભારવિધિ શિબિર સંચાલક પ્રા. શૈલેષ એસ. બારીઆ દ્વારા કરવામાં આવી હતી.

# સેશન-૨

## તજજ્ઞ : શ્રી દીપક રાવત અને શ્રી ભોપાલસિંહ ચૌહાણ

**પોલીસ કોન્સ્ટેબલ**

**સાયબર સુરક્ષા કવચ, સાયબર ક્રાઈમ સેલ, પોલીસ હેડક્વાર્ટર, હિંમતનગર**

### વિષય : આધુનિક યુગમાં સાયબર સિક્યુરીટી અને સાયબર ક્રાઈમ

દ્વિતીય સેશનમાં મુખ્ય વક્તા તરીકે સાયબર સુરક્ષા કવચ, સાયબર ક્રાઈમ સેલ, પોલીસ હેડક્વાર્ટર, હિંમતનગર તરફથી પોલીસ કોન્સ્ટેબલ શ્રી દીપક રાવત તથા શ્રી ભોપાલસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યાં હતા. તેઓએ શિબિરાર્થીઓને **"આધુનિક યુગમાં સાયબર સિક્યુરીટી અને સાયબર ક્રાઈમ"** એ વિષય પર વિદ્યાર્થીઓને વિશેષ જ્ઞાન આપ્યું હતું. તેઓએ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા ઓનલાઈન છેતરપિંડી, બ્લેકમેઈલીંગ, હેકિંગ, ફેક કૉલથી ખાતામાંથી નાણા ઉપાડી લેવા, ક્રેડીટ કાર્ડ છેતરપીંડી, ગેરકાયદેસર ડાઉનલોડીંગ, સાયબર આતંકવાદ, બાળ પોર્નોગ્રાફી, વાયરસનું સર્જન, બૌદ્ધિક સંપદાની ચોરી, સલામી હુમલા, ટ્રોજન હુમલા વગેરે અને વિદ્યાર્થીઓને વિવિધ વિડીયો દર્શાવીને સાયબર ક્રાઈમના ઉદાહરણ પૂરા પાડ્યા હતા. તેઓએ સાયબર સુરક્ષા કાયદાઓની પણ સમજ આપી હતી જેમાં રાષ્ટ્રીય સાયબર સુરક્ષા નીતિ, ૨૦૧૩, આઈ.ટી. એક્ટ. ૨૦૦૦, ઇન્ડિયન સાયબર ક્રાઈમ કૉ-ઓર્ડીનેશન સેન્ટર, મહિલાઓ તથા બાળકો સામે સાયબર ક્રાઈમ પ્રિવેન્શન સ્કીમ વગેરે અંગે જાણકારી આપી હતી. તેઓએ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ અને તેના દ્વારા થતી કામગીરી પ્રક્રિયાની પણ સમજ આપી હતી. તેઓએ વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નો પણ સાંભળ્યા હતા અને તેના સંતોષકારક જવાબો પણ આપ્યાં હતા.

સેશનના અંતે સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર દ્વારા પોલીસ કોન્સ્ટેબલ શ્રી દીપક રાવત તથા શ્રી ભોપાલસિંહ ચૌહાણ સાહેબનું ભેંટ તથા

પ્રમાણપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. સેશનની આભારવિધિ શિબિર સહ-સંચાલક ડૉ. ગુરુપ્રકાશ ઝેડ. સિંઘ દ્વારા કરવામાં આવી હતી.





# સેશન-૩

## તજજ્ઞ : ડૉ. મિતેશ જી. પટેલ

(કેમ્પસ ડાયરેક્ટશ્રી, એશિયન એજ્યુકેશન કેમ્પસ, વડાલી)

વિષય : **આર્ટીફીસીયલ ઇન્ટેલિજન્સ અને CHATGPT ના ઉપયોગો**

યુનિવર્સિટી કક્ષાની '**એક-દિવસીય ડિજીટલ ઇન્ડિયા તાલીમ શિબિર**'ના તૃતીય અને અંતિમ સેશન માટે **એશિયન એજ્યુકેશન કેમ્પસ**, વડાલીના કેમ્પસ ડાયરેક્ટશ્રી ડૉ. **મિતેશ જી.** પટેલ પ્રસ્તુત સેશન માટે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. તેઓએ "**આર્ટીફીસીયલ ઇન્ટેલિજન્સ અને CHATGPT** ના ઉપયોગો" **વિષય ઉપર પોતાનું વકતવ્ય પ્રસ્તુત કર્યું હતું પ્રસ્તુત સેશન દરમિયાન** ડૉ. મિતેશ જી. **પટેલ સાહેબે વિદ્યાર્થીઓને આધુનિક ટેકનોલોજી**, તેમાં થયેલ બદલાવો, આર્ટીફીસીયલ ઇન્ટેલિજન્સ, **સાયબર ક્રાઈમ અને સાયબર સિક્યુરીટી અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન** આપ્યું હતું. **તેઓએ વિવિધ ટેકનોલોજીકલ ગેજેટ્સ અને તેના ઉપયોગોનું જીવંત નિદર્શન કરાવ્યું** હતું.







**સેશનના અંતે સરકારી વાણિજ્ય** કોલેજ, વડાલીના શિબિર સંચાલક એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. શૈલેષ એસ. **બારીઆ** દ્વારા **ડૉ. મિતેશ જી. પટેલ સાહેબનું પ્રમાણપત્ર અને ભેંટ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.** સેશનની આભારવિધિ શિબિર સહ-સંચાલક ઉદીશા કૉ-ઓર્ડીનેટર પ્રા. ડૉ. **ગુરુપ્રકાશ સિંઘ** દ્વારા કરવામાં આવી હતી.

# સમાપન સમારોહ

**તારીખ :૧૮/૧૨/૨૦૨૩ ના** રોજ બપોરે ૩:૩૦ કલાકે યુનિવર્સિટી કક્ષાની **'એક-દિવસીય ડિજીટલ ઇન્ડિયા તાલીમ શિબિર'** નો સમાપન સમારોહ શરૂ થયો હતો. સમાપન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે સરકારી વિનયન કૉલેજ, શહેરાના આચાર્યશ્રી. ડૉ.વિપુલ કે.ભાવસાર સાહેબ ઉપસ્થિત રહ્યાં હતાં. અતિથિવિશેષ પદે એશિયન એજ્યુકેશન કેમ્પસ, વડાલીના કેમ્પસ ડાયરેક્ટશ્રી ડૉ. મિતેશ જી. પટેલ સાહેબ ઉપસ્થિત રહ્યાં હતા. સમાપન સમારોહની શરૂઆત યજમાન કૉલેજની એન.એસ.એસ. સ્વયંસેવક વિદ્યાર્થીનીઓએ કૉલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી શૈલેશકુમાર એસ. બારીઆ દ્વારા સંગીતબદ્ધ શ્લોક **'ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ"** દ્વારા કરી હતી.. ત્યારબાદ યુનિવર્સિટી ગીત **"અમે ઉત્તર ગુર્જરવાસી"** થી યુનિવર્સિટી કક્ષાની **એક-દિવસીય ડિજીટલ ઇન્ડિયા તાલીમ શિબિર'**ના સમાપન સમારોહની શોભામાં અભિવૃદ્ધિ કરવામાં આવી હતી. યુનિવર્સિટી ગીત બાદ તમામ મંચસ્થ મહાનુભાવોનું સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. તદુપરાંત તમામ મહાનુભાવોનું ભારતીય પરંપરા અનુસાર પુષ્પગુચ્છ, પુસ્તક, ભેટ અર્પણ કરીને તથા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટી કક્ષાની **એક-દિવસીય ડિજીટલ ઇન્ડિયા તાલીમ શિબિર'ની** સાથે-સાથે **તારીખ : ૧૫/૧૨/૨૦૨૩ થી તારીખ : ૧૭/૧૨/૨૦૨૩ દરમિયાન યોજાનાર 'ત્રિ-દિવસીય યુવા નેતૃત્વ તાલીમ શિબિર'** દરમિયાન પોતાની અમૂલ્ય સેવા અને યોગદાન આપવા બદલ યજમાન કૉલેજના ૧૯ એન.એસ.એસ. સ્વયંસેવક વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તથા ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, ગાંભોઈથી એન.એસ.એસ. સ્વયંસેવક ચૌહાણ વિજયસિંહ ભકતીસિંહ દ્વારા, શ્રીમતી પી.કે.કોટાવાલા કૉલેજ, પાટણથી વિનાબેન પટેલ દ્વારા તથા યજમાન કૉલેજ સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીમાંથી બી.કોમ. સેમેસ્ટર-૪માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની જૈનીશા દિલીપભાઈ રાવળ દ્વારા **એક-દિવસીય ડિજીટલ ઇન્ડિયા તાલીમ શિબિર'** અંગેના પોતાના પ્રતિભાવો વ્યક્ત કરવામાં આવ્યા હતા. પ્રસ્તુત શિબિરના સંચાલક તેમજ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. શૈલેષકુમાર એસ. બારીઆ દ્વારા **'એક-દિવસીય ડિજીટલ ઇન્ડિયા તાલીમ શિબિર'**અંગેનો વિગતવાર અહેવાલ સંક્ષિપ્ત ઢબે પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

સમાપન સમારોહના અતિથિવિશેષ પદે ઉપસ્થિત એશિયન એજ્યુકેશન કેમ્પસ, વડાલીના કેમ્પસ ડાયરેક્ટશ્રી ડૉ. મિતેશ જી. પટેલ સાહેબે સૌ શિબીરાર્થીઓને 'Know Limit & No Limit" દ્વારા ટેકનોલોજીના વિવેકપૂર્ણ ઉપયોગ અંગેની સલાહ આપી સૌને આશીર્વાદ પાઠવ્યા હતા. સમાપન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત સરકારી વિનયન કૉલેજ, શહેરાના આચાર્યશ્રી. ડૉ.વિપુલ કે.ભાવસાર સાહેબે ભવિષ્યમાં આવી અનેક શિબિર સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીમાં પુન: થાય એ માટે સૌને આશીર્વાદ પાઠવ્યા હતા. કાર્યક્રમના અંતે કૉલેજના સિનીયર પ્રાધ્યાપક અને શિબિર

સહ-સંચાલક ડૉ.પરેશ એસ. **ખેતલ દ્વારા સમાપન સમારોહની** આભારવિધિ કરવામાં આવી હતી. **રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પરિપૂર્ણ થયો હતો.**













# ગ્રુપ ફોટો સેશન

સમાપન સમારોહ બાદ એક ગ્રુપ ફોટો સેશનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.






પ્રા. શૈલેષ. એસ. બારીઆ
શિબિર સંયોજક
સરકારી વાણિજ્ય કોલેજ વડાલી

ડૉ. ગુરુપ્રકાશ ઝેડ. સિંઘ
શિબિર સહ-સંયોજક
સરકારી વાણિજ્ય કોલેજ વડાલી

ડૉ. **કેસરીસિંહ એસ.** પરમાર
**આચાર્યશ્રી**
**સરકારી વાણિજ્ય કોલેજ વડાલી**